GJSR120028232025

**ફોજદારી કેસ નંબર ૧૪૪૭ સને ૨૦૨૫**
**આંક – ૧૪**

## કઠોર ના મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં

ફરીયાદીઃ – શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપીઃ – (૧) સરવણભાઈ રતનભાઈ રામ
(૨) રાખીબેન વા/ઓ સરવણભાઈ રતનભાઈ રામ

ગુનોઃ – બી. એન. એસ. એક્ટની કલમ–૩૨૯(૪), ૩૨૪, ૫૪ મુજબ

**// ચુકાદો //**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૧/૧૨/૨૦૨૪ ના કલાક–૧૭/૦૦ વાગ્યા દરમિયાન કોઈ પણ સમયે મોજે.હલધરુ ગામે આવેલ શીવ રેસીડેંસી મકાન નં.૫૮ ખાતે આ કામના આરોપીઓ એકબીજાની મદદગારી કરી મોતીલાલ ઓસવાલ હોમ ફાઈનાસ લિમેટેડ કંપની દ્વારા પ્રત્યક્ષ કબ્જો મેળવેલ મોર્ગેજ મિલકત(મકાન) કે જેનો કબ્જો દ્વારા મેળવેલ હોવાનુ જાણવા છતા બદ ઈરાદે મોર્ગેજ મિલ્કત(મકાન)નું તાળુ(સીલ) તોડી નુકશાન કરી મકાનમાં ગેર કાયદેસર પ્રવેશ કરી બી. એન. એસ. એક્ટની કલમ–૩૨૯(૪), ૩૨૪, ૫૪ મુજબનો ગુનો કરેલ છે.

આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીઓની પ્લી લઇ તેને પુછતા આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીઓએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીઓને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીઓનો પ્રથમ ગુનો છે અને ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે.

**નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે,** જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, રાદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપી/આરોપીઓ ની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી રાજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનુ છું. તમામ રેકર્ડ વંચાણે લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

- આ કામના આરોપીઓએ નાઓને બી.એન.એસ.એસ. ની કલમ – ૨૭૫ હેઠળ બી. એન. એસ. એક્ટની કલમ–૩૨૯(૪), ૩૨૪, ૫૪ મુજબના ગુના માટે આરોપીઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. દરેક આરોપીને રૂ.૩૫૦૦/– (અંકે રુપીયા ત્રણ હજાર પાંચસો પુરા) કુલ રૂ.૭,૦૦૦/–(અંકે રૂપીયા સાત હજાર પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- જો મુદ્દામાલ હોય તો નીયમ મુજબ ખરાઇ કરી નીકાલ કરવો.

હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં (નેશનલ લોક અદાલત) વાચી, સંભળાવી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| તારીખ: | ૧૧/૦૭/૨૦૨૬ | (**ચુનૌતી આર. વત્સ**) |
| સ્થળ: | કઠોર | એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ, કઠોર |
| | | Judge Code - GJ01401 |